દિવ્યાંગ સાધન સહાય યોજનામાં સુધારો
કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-SJED/IWDMS1.0/e-file/17/2022/0029/CHH-1
સચિવાલય, ગાંધીનગર
તા. /૦૨/૨૦૨૫.

વંચાણે લીધા:-

(૧)સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૫/૧૦/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક:-SJED/IWDMS1.0/e-file/17/2022/0029/CHH-1.

(૨)સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૫/૦૭/૨૦૧૧ નો ઠરાવ ક્રમાંક :- અપગ/૧૦૨૦૧૧/૪૩/છ-૧.

(૩)નિયામકશ્રી સમાજ સુરક્ષાનો તા.૧૬/૧૦/૨૦૨૧ નો પત્ર ક્રમાંક :- અપગ/દિવ્યાંગ સાધન સહાય/૨૧-૨૨/૩૮૫.

<u>સુધારા ઠરાવ</u>**:-**

વંચાણે લીધેલા ક્રમાંક (૧) પરના વિભાગના તા.૨૫/૧૦/૨૦૨૩ના ઠરાવથી દિવ્યાંગ સાધન સહાય યોજનામાં સુધારો કરવામાં આવેલ છે.

(૪) **"દિવ્યાંગતામાં રાહત થાય તેવી કીટોની મહત્તમ કિંમત રૂ.૨૦,૦૦૦/- મર્યાદાની જગ્યાએ ઉદ્યોગ અને ખાણ વિભાગની તા.૦૩/૦૬/૨૦૧૬ની ખરીદ નીતિ મુજબ માન્યતા પ્રાપ્ત સંસ્થાઓ અથવા Gem મારફતે કરવાની રહેશે અને Gem મારફતે ચીજ વસ્તુની ખરીદી કરતાં વખતોવખત જે ભાવ નક્કી થાય તે કિંમતે ખરીદી કરવાની મંજૂરી આપવામાં આવે છે." ના સ્થાને**

ઉક્ત જોગવાઇ નં.(૪)માં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

(૪) **"દિવ્યાંગતામાં રાહત થાય તેવી કીટોની મહત્તમ કિંમત રૂ.૨૦,૦૦૦/- ની મર્યાદા થી વધારી મહત્તમ કિંમત રૂ.૩૦,૦૦૦/- ની કરવામાં આવે છે, તેમજ દિવ્યાંગતામાં રાહત થાય તેવા સાધનો સીધા જ રાજ્ય કક્ષાએથી ખાસ કિસ્સામાં એલીમ્કોમાંથી ખરીદી કરવા અંગેની મંજૂરી આપવામાં આવે છે."**

વંચાણે લીધેલા ક્રમાંક (૧) પરના વિભાગના તા.૨૫/૧૦/૨૦૨૩ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

ઉક્ત સુધારેલ ઠરાવ સરખા ક્રમાંકની ઇ-ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૩૧/૦૭/૨૦૨૩ના રોજ ઓનલાઇન મળેલ મંજૂરી તેમજ સરકારશ્રીની તા.૨૦/૦૬/૨૦૨૪ના રોજ મળેલ મંજૂરી અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( પ્રમેશ ગામેતી )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં-૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે નિયામકશ્રી સમાજ સુરક્ષા,બ્લોક નં-૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- છ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.

- શાખા સિલેક્ટ ફાઈલ.

Signature Not Verified

Signed by: P M Gameti
Section Officer
Date:2025.02.11
11:10:56 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign